RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૬૦ તા.૧૮–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈ
સામાવાળ :– ડે.કમિશ્નર (પી.એન્ડ ડી.) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈની તા. ૨૨–૧૨–૧૧ની અરજીથી નાના વરાછા વિસ્તારમાં ચીકુવાડીથી થઈને નવા જકાતનાકા સુધીના વિસ્તારમાં મહાનગરપાલિકા ધ્વારા કયાં કયાં અને કયા હેતુસર કેટલી કેટલી જમીનો અનામત રાખવામાં આવી છે તે વિશે માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૬૦/૨૦૧૧–૧૨

શ્રી ગજેરા જયસુખભાઈ નાનજીભાઈની તા. ૨૨–૧૨–૧૧ની અરજીથી નાના વરાછા વિસ્તારમાં ચીકુવાડીથી થઈને નવા જકાતનાકા સુધીના વિસ્તારમાં મહાનગરપાલિકા ધ્વારા કયાં કયાં અને કયા હેતુસર કેટલી કેટલી જમીનો અનામત રાખવામાં આવી છે તે વિશે માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી. એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(ટી.પી)ના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ / ૪૯૫ તા. ૧૦–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૮–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા દફતરી માહિતીની વિગતો મોકલવા તથા માંગેલ માહિતી ધરાવતા વિસ્તારમાં ટી.પી.ફાઈનલ છે કે કેમ ? ડ્રાફટ છે કે કેમ ? સાથે અનામતની દફતરી હકીકત હોય તો સ્પષ્ટ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ / ૧૫૮૨ તા.૨૪–૧–૧૨ થી ડે.કમિશ્નર (પી.એન્ડ ડી.) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટી.પી.ડી/આરટીઆઈ/૫૫૬ તા.૪–૨–૧૨ થી અરજદારને પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૯૫ તા.૧૦–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ, કાર્યપાલક ઈજનેર ઈસ્ટઝોન (વરાછા) ના પત્ર નં.આરટીઆઈ સેલ/આ.૭૪૭ તા.૨૩–૧૨–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૨–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઈસ્ટઝોન (વરાછા) ખાતે કરવામાં આવે. જે અરજી કાર્યપાલક ઈજનેર ઈસ્ટઝોન (વરાછા) ના પત્ર નં.આરટીઆઈ સેલ/આ.૭૪૭ તા.૨૩–૧૨–૧૧ થી સમય અવધિમાં ટાઉન પ્લાનરશ્રી (ટાઉન પ્લાનીંગ વિભાગ) ને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૯૫ તા.૧૦–૧–૧૨ થી સમય અવધિમાં અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં નાના વરાછા વિસ્તારમાં ચીકુવાડીથી થઈને નવા જકાતનાકા સુધીના વિસ્તારમાં મહાનગરપાલિકા ધ્વારા કયાં કયાં અને કયા હેતુસર કેટલી કેટલી જમીનો અનામત રાખવામાં આવી છે તે વિશે માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સંદર્ભ હેઠળની અરજી અન્વયે માંગ્યા મુજબની માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગની કચેરી ખાતેના રેકર્ડ ઉપર નિભાવવામાં આવતી નથી. તેવુ જણાવેલ.

અરજદારે ડે.કમિ.(પી. એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(ટી.પી)ના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ / ૪૯૫ તા. ૧૦–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૮–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. અપીલ તબકકે અરજદારે માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવી નથી. સુરત મહાનગરપાલિકાને લગતી માહિતી જો મહાનગરપાલિકામાંથી ન મળે તો કયાં મળે? તથા માહિતી વિના મુલ્યે આપવાની રજુઆત કરેલ.

જાહેર માહિતી અધિકારી તરફથી પુરક વિગતની નોંધમાં નાના વરાછા વિસ્તારમાં ચીકુવાડીથી લઈને નવા જકાતનાકા સુધીના વિસ્તારમાં સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૨૦ (નાનાવરાછા–કપાદ્રા), ૩૮(નાના વરાછા),૨૧(સરથાણા–સીમાડા) અને ૨૨ (સરથાણા–વાલક) નો સમાવેશ થાય છે. સદર ટી.પી. સ્કીમના નકશાઓ અને એફ ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઉપલબ્ધ થઈ શકશે. જેના ઉપરથી ઉપરોકત ટી.પી. સ્કીમમાં આવેલ અનામત પ્લોટની વિગત અને હેતુ મળી શકશે. તેવુ જણાવેલ. આરટીઆઈ એકટની કલમ–૨(છ) હેઠળ ઈલેકટ્રોનીક સ્વરૂપની માહિતીનો સમાવેશ થાય છે. જેથી તે અંગે અરજદારને વેબસાઈટ ઉપરની દફતરી હકીકતલક્ષી માહિતી જણાવેલ નથી. જે પુરી પાડવાની રહે.

વધુમાં આ બાબત સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની પણ ગણાય અને જાહેર માહિતી અધિકારી ખાતાકીય નોંધ વિભાગમાં તે વેબ પર હોવાનું જણાવેલ છે છતાં અરજદારને તેનો હવાલો આપી તે રીતે મેળવવા વિકલ્પ આપેલ નથી તે રીતે પ્રત્યુત્તર પાઠવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૮–૧–૧૨ ધ્યાને લેતાં ૧૬–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૨–૧૨–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ નથી વેબસાઈટનો હવાલો આપી મેળવી લેવા સુચવવામાં પણ આવેલ નથી. આ માહિતી આરટીઆઈ કાયદાની કલમ ૪(૧) (બી) સાથે ૪(૧) (સી) ના વ્યાપમાં પણ સમાવિષ્ટ થતી હોઈ અરજદારને વેબસાઈટના હવાલા સહ તેમ સુચિત કરી માંગેલ વિગતો તપાસણીના માધ્યમથી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.) ને જણાવવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (પી.એન્ડ ડી.) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયસુખભાઈ નાનજીભાઈ ગજેરા